સત્યમેવ જયતે

Golden Jubilee

GCERT

1962 - 2012

ક્રમાંક : જીસીઈઆરટી/દૂરવર્તી/૯૩૫૬/૪૧૯
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in
તારીખ : ૧૦/૪/૨૦૧૩

**પ્રતિ**
**પ્રાચાર્યશ્રી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**તમામ**

**વિષય : દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ માટે શિક્ષકોની પસંદગી કરવા બાબત**

ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવવાનું કે આગામી વર્ષ માટે દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ માં પાઠ આપનાર શિક્ષકોની પસંદગી કરવાની થાય છે. આ પસંદગીની કામગીરી પૂર્ણ કરી તા.૦૫/૦૫/૨૦૧૩ સુધીમાં દર્શાવેલ વિષયો માટે શિક્ષકોનાં નામ મોકલી આપવા જણાવવામાં આવે છે. આ માટે આ પ્રમાણે કામગીરી થાય તે અપેક્ષિત છે.

- પોતાના જિલ્લામાં દૂરવર્તીમાં પાઠ આપવા ઉત્સુક શિક્ષકો ડાયેટમાં પોતાના નામ નોંધાવી શકે તે માટે પૂરતો પ્રચાર કરવો. પરિપત્ર કરીને દરેક શિક્ષકને જાણ કરવી.
- જેમની નોંધણી થઈ હોય તેવા શિક્ષકોને ડાયેટમાં અથવા નિશ્ચિત સ્થાને બોલાવી તેમને પસંદગીના એકમ ઉપર પાઠ આપવા જણાવવું અને તેનું મૂલ્યાંકન કરવું. (વિદ્યાર્થી તરીકે આવેલ શિક્ષકોને બેસાડીને પાઠ લેવાનું આયોજન ગોઠવી શકાશે.) ઉપરાંત દૂરવર્તી શિક્ષણમાં પાઠ આપવા અંગે કેવી કાળજી લેવી જોઈએ, આ કાર્યક્રમ અસરકારક બની શકે તે હેતુથી અને રીસીવીંગ સેન્ટર ઉપરના બાળકોને વધારેમાં વધારે લાભ મળે તે માટે તેમની તૈયારી અંગે મૌખિક પ્રશ્નોતરી કરવી. આ બંને રીતે મૂલ્યાંકન કર્યા બાદ વધારે ગુણાંકન મેળવનાર શિક્ષકોનાં નામ મોકલવાં.
- જિલ્લા કક્ષાએ પાઠ આપનાર શિક્ષકના વિષયવસ્તુના જ્ઞાન ઉપરાંત વર્ગવ્યવહારને લક્ષમાં લેવો. એકમમાં પ્રવચન કરતાં પ્રવૃત્તિઓમાં વધારે સમય આપે તે અપેક્ષિત હોઈ, તેવા શિક્ષકોને જ પસંદ કરવા.
- તાલીમ દરમિયાન અધ્યાપકોના ધ્યાનમાં આવેલ શિક્ષકોને તેમજ અગાઉ આ ક્ષેત્રમાં કામ કર્યુ હોય તેવા શિક્ષકોને પ્રોત્સાહિત કરી ભાગ લેવા પ્રેરિત કરવા.
- ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં કામ કરતા શિક્ષકોને પસંદગીમાં પ્રાધાન્ય આપવું. આ વિષયની સારી જાણકારી ધરાવતા, પાઠ્યપુસ્તક લેખન કે સ્વાધ્યાયપોથીના લેખનમાં કામ કર્યુ હોય તેવા શિક્ષકોને પણ પસંદગીમાં અગ્રતા આપી શકાશે.
- મૂલ્યાંકનની કામગીરીમાં ડાયેટના સંબંધિત વિષયના અધ્યાપકોને તેમજ તે વિષય જાણનાર અધ્યાપકોને જોડવા.
- સમગ્ર કામગીરી પૂરી થયા બાદ વિષય અુસાર શિક્ષકોનાં નામ, શાળાનું સરનામું, કોન્ટેકટ નંબર સાથેની યાદી અત્રે મોકલી આપવી.
- નીચે દર્શાવ્યા મુજબ શિક્ષકોની પસંદગી કરવાની છે.

ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી માટે દરેક વિષયમાં પાંચ પાંચ શિક્ષકોને પસંદ કરવાના છે.
સામાજિક વિજ્ઞાન, ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત વિષયો માટે દરેક વિષયના એક એક શિક્ષકનું નામ મોકલવાનું રહેશે.

પ્રોજેક્ટ ઓફીસર
દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ
જીસીઈઆરટી
ગાંધીનગર

http://teachersvadodara.yolasite.com/

http://teachersvadodara.yolasite.com/ Ankit Shah

ક્રમાંકઃડાયટ/ઇ.ટી./૨૦૧૩-૧૪/૧૧૫૯-૬૮
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
પાલનપુર
ફોન નં. ૦૨૭૪૨-૨૫૨૩૯૭
E-mail : [dietbk_8@yahoo.com](mailto:dietbk_8@yahoo.com)
તા.૧૮-૦૪-૨૦૧૩

પ્રતિ,
બી.આર.સી. તમામ (પાલનપુર, વડગામ સિવાય)
બનાસકાંઠા જિલ્લો ,

વિષયઃ- દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૧૩-૧૪ના કાર્યક્રમો માટે શાળાઓની પસંદગી કરવા બાબત...

સંદર્ભઃ- જી.સી.ઇ.આર.ટી.,ગાંધીનગરના પત્ર ક્રમાંકઃજીસીઇઆરટી/દૂરવર્તી/૮૩૩૨-૬૦ તા.૦૯-૦૪-૨૦૧૩

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત જુલાઇ-૨૦૧૩થી શરૂ થતા કાર્યક્રમો માટે શાળાની પસંદગી કરવાની થાય છે. આ સાથે સામેલ પત્રક મુજબ ૨ (બે) શાળાની પસંદગી કરી તા.૨૨-૦૪-૨૦૧૩ સુધીમાં ડાયટના ઇ-મેઇલ અડ્રેસ પર મોકલી આપવી.

(ડૉ.પી.એન.દવે)
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
પાલનપુર

બીડાણઃ- જી.સી.ઇ.આર.ટી.ગાંધીનગરનો ઇ-મેઇલ
નકલ સવિનય રવાના જાણ સારૂઃ-

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠા જિલ્લો, પાલનપુર

http://teachersvadodara.yolasite.com/

http://teachersvadodara.yolasite.com/ Ankit Shah

ક્રમાંકઃડાયટ/ઇ.ટી./૨૦૧૩-૧૪/૧૧૬૯-૮૦
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
પાલનપુર
ફોન નં. ૦૨૭૪૨-૨૫૨૩૯૭
E-mail : ***dietbk_8@yahoo.com***
તા.૧૮-૦૪-૨૦૧૩

પ્રતિ,
બી.આર.સી. તમામ,
બનાસકાંઠા જિલ્લો ,

વિષયઃ- દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૧૩-૧૪ના કાર્યક્રમો માટે શિક્ષકોની પસંદગી કરવા બાબત...

સંદર્ભઃ- જી.સી.ઇ.આર.ટી.,ગાંધીનગરના પત્ર ક્રમાંકઃજીસીઇઆરટી/દૂરવર્તી/૮૪૫૧-૮૪૭૯ તા.૧૦-૦૪-૨૦૧૩

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત આગામી વર્ષ માટે દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમમાં પાઠ આપનાર શિક્ષકોની પસંદગી કરવાની થાય છે. આ સાથે સામેલ પત્રક મુજબ પાઠ આપવા ઇચ્છુક શિક્ષકની પસંદગી કરી તા.૨૫-૦૪-૨૦૧૩ સુધીમાં ડાયટના ઇ-મેઇલ અડ્રેસ પર મોકલી આપવી.

(ડો.પી.એન.દવે)
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
પાલનપુર

બીડાણઃ- જી.સી.ઇ.આર.ટી.ગાંધીનગરનો ઇ-મેઇલ
નકલ સવિનય રવાના જાણ સારૂઃ-

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠા જિલ્લો, પાલનપુર

http://teachersvadodara.yolasite.com/
http://teachersvadodara.yolasite.com/ Ankit Shah